**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૨.૮ ડીગ્રી
લઘુતમ : ૨૪.૬ ડીગ્રી
ભેજ
સવારે ૮૩ ટકા ● સાંજે ૮૫ ટકા

# આજે અનંત ચર્તુદશી : ગણેશ વિસર્જન

## શહેરમાં આ વર્ષે ગણેશજીનું ધામધૂમથી વિસર્જન યોજાશે

ગાંધીનગર, તા.૮

શુક્રવાર ૯મી સપ્ટેમ્બરના રોજ ભાદરવા મહિનાના સુદ પક્ષની ચૌદશ તીથી છે જેને અનંત ચૌદશ કહેવામાં આવે છે. આ તીથીએ ગણેશજીની પ્રતિમાનું વિસર્જન કરવામાં આવે છે. આ દિવસે ભગવાન વિષ્ણુની પૂજા કરવામાં આવે છે. આ વર્ષે શહેરના મોટા ભાગના પંડાલોએ સ્થળ ઉપર વિસર્જનનનું આયોજન કર્યું છે. ૯મી તારીખે ગણેશ વિસર્જન સાથે દસ દિવસના ગણેશોત્સવનું સમાપન થાય છે. ગાંધીનગરમાં ગણેશોત્સવની આ વર્ષે ધામધૂમપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. એવું માનવામાં આવે છે કે મહાભારતમાં આ વ્રતની શરૂઆત થઈ હતી. જયારે પાંડવો પાસેથી તેમનું રાજય છીનવી લેવામાં આવ્યું હતું ત્યારે ભગવાન શ્રીકૃષ્ણએ તેમને આ વ્રત કરવાની સલાહ આપી હતી.

અનંત ચૌદશના દિવસે ગણેશજીની પૂજા કર્યા પછી ઘરમાં જ કોઈ મોટા વાસણમાં કે કુંડામાં ગણેશની પ્રતિમાનું વિસર્જન કરવું જોઈએ. ત્યારબાદ દાન, પૂણ્ય કરવું જોઈએ.



### વિસર્જનનું મહત્વ

ભગવાન ગણેશજી જળતત્ત્વના અધિપતિ દેવતા છે એટલે તેમની પ્રતિમાનું વિસર્જન જળમાં કરવામાં આવે છે. જળપંચ તત્ત્વોમાંથી એક છે એમાં મિશ્રિત થઈને પ્રાણપ્રતિષ્ઠિત ગણેશ મૂર્તિ પંચ તત્ત્વોમાં સમાહિત થઈને પોતાના મુળ સ્વરૂપમાં આવી જાય છે. જળમાં વિસર્જન થવાથી ભગવાન ગણેશનું સટકાર સ્વરૂપ નિરાકાર થઈ જાય છે. જળમાં મૂર્તિ વિસર્જનથી એવું માનવામાં આવે છે કે જળમાં મિકસ થઈને પરમાત્મા પોતાના મુળ સ્વરૂપમાં આવી જાય છે. આ પરમાત્માનું એકાકાર થવાનું પ્રતિક પણ છે.

### પૂજા વિધિ અને મંત્ર

માટીના ગણેશજીની પૂજા કરવી. ચંદન, ચોખા, મોલી, અબીલ, ગુલાલ, સિંદુર, અત્તર, જનોઈ ચઢાવો. ત્યારબાદ ગણેશજીને ૨૧ દૂર્વા ચઢાવો. ૨૧ લાડવાનો ભોગ ધરાવો. પછી કપુરથી ભગવાન શ્રી ગણેશજીની આરતી કરો. ત્યારબાદ પ્રસાદ વહેંચો.

## શેઠ સી.એમ. હાઈસ્કૂલમાં રમત-ગમત નેશનલ ડેની ઉજવણી




ગાંધીનગર, તા.૮

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શેઠ સી એમ હાઈસ્કૂલ સેક્ટર-૨૩, ગાંધીનગર ખાતે ૨૯-૦૮-૨૦૨૨ ના દિવસે રમત-ગમત નેશનલ ડેની ઉજવણી કરવામાં આવી હતી. સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ઈન્ડિયાના ડેપ્યુટી ડાયરેક્ટર રાજીવકુમાર હુકરાવ અને ઈન્ટરનેશનલ હેન્ડબોલના ખેલાડી અમન મલેક તથા આચાર્ય ડૉ.ચેતના બૂચ દ્વારા ઉદઘાટન કરાયું હતું. ખેલાડીઓને રમત-ગમતના મહત્વ વિશે વિશેષ સમજૂતી આપી. તેમાં જુદી-જુદી રમતોનું આયોજન કરવામાં આવ્યું. અને ૧ થી ૩ નંબરને ઈનામ આપવામાં આવ્યું. આ કાર્યક્રમનું સંચાલન લાભુભાઈ દેસાઈ અને સંજયભાઈ પટેલ દ્વારા કરાયું હતું. શાળાના આચાર્ય ડૉ. ચેતના બૂચ દ્વારા વ્યાયામ શિક્ષક અને ખેલાડીઓને અભિનંદન આપવામાં આવ્યાં હતા.




ગાંધીનગરમાં આવેલી સ્માર્ટ કિડ્સ નર્સરી સ્કૂલ સે-૧ ના બાળકો દ્વારા ગુરુકુળ દિવસ ઉજવવામાં આવ્યો. જ્યાં બાળકોને પૌરાણિક સમયમાં રાજા મહારાજા ના બાળકો ac પંખા વગર, કુદરતી વાતાવરણમાં અભ્યાસ કરતા હતા, આવી સમજ સાથે સ્માર્ટ કીડસના બાળકો ચાર દીવાલની બહાર રહેલ કુદરતી વાતાવરણમાં પોતાને નેચર સાથે કનેક્ટ કરીને prayer meditation સાથે અભ્યાસનો આનંદ માણ્યો હતો. બાળકના સર્વાંગી વિકાસ માટે આ સ્કૂલમાં સર્વ પ્રકારની educational - non educational પ્રવૃત્તિઓ દ્વારા બાળકો ને ગમ્મત સાથે જ્ઞાન પૂરું પાડવામાં આવે છે. બાળકો એ આ દિવસનો ખુબજ આણંદ માણ્યો હતો.

## જે બી પ્રાથમિક શાળા દ્વારા સ્વયં શિક્ષક દિનની ઉજવણી



ગાંધીનગર, તા.૮

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચલાતિ જે.બી.પ્રાથમિક શાળામાં શિક્ષક દિનની ઉજવણી કરવામાં આવી હતી. ધો.૧થી ૮ના બાળકોએ ઉત્સાહભેર શિક્ષકોની જવાબદારી સંભાળી હતી. વિદ્યાર્થીઓએ પણ સ્વયં શિસ્ત જાળવી સહકાર આપ્યો હતો. આ દિવસે શિક્ષણ કાર્ય કરનાર તમામ વિદ્યાર્થીઓને શાળાના આચાર્ય નીવાબેન પટેલે અભિનંદન પાઠવ્યા હતા.

## વેદ ઈન્ટરનેશનલ સ્કૂલમાં પ્રકૃતિ કી પાઠશાલા કાર્યક્રમ



ગાંધીનગર, તા.૮

માનવ જીવન એ પર્યાવરણને આભારી છે. તો આવું ભગીરથ કાર્ય કરતી 'પ્રકૃતિ કી પાઠશાલા' એ વડાપ્રધાન નરેન્દ્ર મોદીની પર્યાવરણ માટેની જીવન શૈલીની પહેલ દ્વારા પ્રમોટ કરાયેલ એક અભિગમ છે. આ ઝુંબેશ હેઠળ ગુજરાત ઈકોલોજી કમિશન દ્વારા વિદ્યાર્થીઓને પર્યાવરણ અને તેના વિશે જાગૃત કરવા માટે શાળાઓમાં જાગૃતિ સત્ર શરૂ કરવામાં આવેલ છે. જેમાં જ્ઞાનની વહેંચણી, કૌશલ્ય વિકાસ, પ્રેરણા અને વર્તમાન પ્રશ્નોના ઉકેલ માટે વ્યક્તિગત અને સામુહિક રીતે કાર્ય કરવાની ધગશનો સમાવેશ થાય છે. આ અભિયાન દ્વારા વેદ ઈન્ટરનેશનલ સ્કૂલમાં પર્યાવરણ સંરક્ષણ અંતર્ગત કાર્યક્રમ યોજવામાં આવેલ હતો. જેમાં વિવિધ પ્રકારની પ્રવૃત્તિઓ તથા રમતો રમાડવામાં આવી હતી. અને વિજેતાઓને ઈનામ પણ આપવામાં આવેલા હતા. વિદ્યાર્થીઓને પર્યાવરણનું રક્ષણ કરી પર્યાવરણને કઈ રીતે બચાવી શકાય તે વિશે સમજાવી અને પાલન કરવાનું કહેવામાં આવ્યું હતું.

## શેઠ સીએમ હાઈસ્કુલમાં શિક્ષક દિવસની ઉજવણી



ગાંધીનગર, તા.૮

ડો.સર્વપલ્લી રાધાકૃષ્ણનની યાદમાં ઉજવાતાં શિક્ષક દિવસની શેઠ સી.એમ.હાઈસ્કુલ ખાતે ઉજવણી કરવામાં આવી હતી. શાળાના ૯૪ બાળકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. શાળાના આચાર્ય ડો.ચેતના બુચે શિક્ષક દિવસનો મહિમા સમજાવી ડો.સર્વપલ્લી રાધાકૃષ્ણનના જીવન અને કાર્યોથી વિદ્યાર્થીઓને વાકેફ કર્યા હતા. શિક્ષક તરીકે કામગીરી બજાવનાર વિદાર્થીઓમાં પટેલ હેનિલ જીગ્નેશકુમાર-શ્રેષ્ઠ શિક્ષક, પટેલ વૈશ્વિક અરવિંદકુમાર, પ્રજાપતિ નેહલ કનુભાઈ, પટેલ પ્રિયાંશી ભરતભાઈ-શ્રેષ્ઠ આચાર્યનો સમાવેશ થાય છે. શાળાના આચાર્ય તેમજ પરિવારે ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા. સુપરવાઈઝર મુકેશભાઈ પટેલે તથા મહેશભાઈ ખોરસ્માએ પણ સહયોગ આપ્યો હતો.

## વીતરાગ નવ યુવક મંડળ દ્વારા વિદ્યાર્થી સન્માન સમારોહ



૧૦૦૮ શ્રી મહાવીર સ્વામી દિગંબર જૈન દેરાસર, સેકટર-૨૧ ખાતે વીતરાગ નવ યુવક મંડળ દ્વારા વિદ્યાર્થી સન્માન સમારોહ રાખવામાં આવ્યો હતો. જેમા જૈન વિદ્યાર્થીઓને પુરસ્કાર આપવામાં આવ્યા હતા. કાર્યક્રમમાં ઉપસ્થિત કપિલ શાહે વિદ્યાર્થીઓને અંગ્રેજી મિડીયમનો ક્રેઝ છોડી માતૃ ભાષામાં ભણાવવાનો સંદેશો આપ્યો હતો.

## જે બી પ્રાથમિક શાળાનો ગણેશ મહોત્સવ ડાન્સ સ્પર્ધામાં પ્રથમ નંબર



ગાંધીનગર, તા.૮

સાર્વજનિક ગણેશ મહોત્સવ સે-૨૨ રંગમંચ ખાતે દેશભક્તિ થીમ આધારિત ડાન્સ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શાળાના ૧૬ બાળકોએ દેશભક્તિ ગીતની સુંદર કૃતિ રજુ કરી હતી. આ સ્પર્ધામાં પ્રાથમિક વિભાગના ગાંધીનગર જિલ્લાની અન્ય સાત શાળાઓએ ભાગ લીધો હતો. તેમાંથી જે.બી.પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓએ પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું હતું.

## શ્રી સ્વામિનારાયણ પોલિટેકનિક કોલેજમાં ગ્રીનએનર્જી ડ્રાઈવની ઉજવણી



ગાંધીનગર, તા.૮

શિક્ષણની સાથે સાથે વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસને ધ્યાનમાં રાખી સમાજ સેવાની વિવિધ પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલી સંસ્થા એટલે શ્રી સ્વામિનારાયણ પોલિટેકનિક કોલેજ, સેક્ટર ૨૨, ગાંધીનગર. આજે સંસ્થાના વિદ્યાર્થીઓ અને સ્ટાફ મિત્રો દ્વારા પર્યાવરણ જતન અને માવજત વિદ્યાર્થીઓમાં વિકસે તે હેતુથી આજે ગીવ એન્ડ જોય પ્રોગ્રામ અંતર્ગત ગ્રીન એનર્જી ડ્રાઈવની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં સંસ્થાના સ્ટાફ મિત્રો અને વિદ્યાર્થીઓ દ્વારા પોતાના ઘરેથી એક છોડ લાવીને વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતુ તેમજ તેના જતન અને સંવર્ધનનો સંકલ્પ લીધો હતો. સાથે સાથે વિદ્યાર્થીઓને ગ્રીન એનર્જી વિષય પર વધુ માહિતગાર કરવા માટે કહૂટ ક્વિઝ કોમ્પિટિશનનુ પણ આયોજન કરવામાં આવ્યુ હતું. જેમાં સંસ્થાના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

## રોટરી ક્લબ દ્વારા જાહેર વક્તવ્ય

ગાંધીનગર, તા.૮

રોટરી ક્લબ ઓફ ગાંધીનગર દ્વારા તા ૦૯/૦૯/૨૨ ના રોજ Art of healthy living પર વક્તવ્ય રાખવામાં આવ્યું છે. નટુભાઈ પટેલ (હોલિસ્ટીક હીલર) દ્વારા તંદુરસ્ત જીવન જીવવાની કળા વિષે માહિતગાર કરશે. રોટરી ફીજીયોથેરાપી સેકટર-૨૨ ખાતે રાત્રે ૮/૩૦ થી ૯/૩૦ કલાકે રાખવામાં આવ્યું છે. તો તેનો લાભ લેવા રોટરી ક્લબના પ્રમુખ ડો જગદીશ પટેલ અને સેક્રેટરી ડો પારસ ઉચાટ દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.



વિશ્વ ફિઝિયોથેરાપી દિવસ ઉપર શારદાબેન ટ્રસ્ટ અને શારદા કોલેજ ઓફ ફિઝિયોથેરાપી દ્વારા પેથાપુર ખાતે શારદાબેન ફિઝિયોથેરાપી સેન્ટર ખોલવામાં આવ્યું હતું. ક્લિનિકનું ઉદ્‌ઘાટન ફાર્મસીના નિયામક ડૉ. યોગેશ પટેલ અને શારદા કોલેજ ઓફ ફિઝિયોથેરાપી કૉલેજના પ્રિન્સિપાલ ડૉ. વીરલ ચિતારા દ્વારા કરવામાં આવ્યું હતું. જેમાં ફાર્મસી અને નર્સીંગના પ્રિન્સીપાલ હાજર રહ્યા હતા. લગભગ ૨૦ થી વધુ લોકોએ ફિઝિયોથેરાપી સેવાઓનો લાભ લીધો છે.

## જન્મદિને વધામણી



અરૂણાબેન ગજ્જર
મો. ૯૭૨૬૯ ૭૮૮૦૪



હફ્સા બ્લોચ
મો. ૯૭૨૫૨ ૦૩૪૩૯



સુસ્મિતા ડામોર
પત્રકાર
ગાંધીનગર સમાચાર



વૈભવ ભગવાનસિંહ પરમાર
મો. ૯૮૨૪૬ ૮૧૪૦૪



પ્રીતિ ગડકરી
લાયન્સ કલબ ઓફ
ગાંધીનગર ફેમીના



મહર્ષ નિખીલભાઈ મોદી
મો. : ૯૯૨૫૨૮૪૫૧૩



ગર્વ જુગલકુમાર બ્રહ્મભટ્ટ
મો. ૯૯૭૮૮ ૭૩૪૬૩



દરજી દિલીપકુમાર બી



શિવરાજ યાદવ
મો. ૬૩૫૫૧ ૫૪૨૮૦



વિરેન કે પ્રજાપતિ
મો. ૭૯૯૦૯ ૫૪૧૪૯



વત્સલ પ્રજાપતિ
મો. ૯૭૩૭૮ ૧૫૩૧૪



ડેલ્વિના ગૌતમકુમાર અમીન
મો. ૯૭૨૩૨ ૭૫૧૫૧



સંજયકુમાર કે નાયી
મો. ૯૯૨૫૪ ૮૩૯૯૭



આશિષકુમાર ખેમચંદભાઈ નાયી
મો. ૯૯૨૫૮ ૧૦૮૦૮

## ચૌધરી નર્સિંગ કોલેજ ખાતે શિક્ષક દિવસની ઉજવણી

ગાંધીનગર, તા.૮

અખિલ આંજણા કેળવણી મંડળ સંચાલિક ચૌધરી ઈન્સ્ટીટયુટ ઓફ નર્સિંગમાં બેઝિક બીએસસી, નર્સિંગ, જીએનએમ તથા પોસ્ટ બેઝિક બીએસસી, નર્સિંગમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ દ્વારા કેમ્પસમાં શિક્ષક દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે પ્રીન્સીપાલ મયુક જૈન અને ફેકલ્ટીઓનું વિદ્યાર્થીઓ દ્વારા સ્વાગત કરીને આયોજન કરવામાં આવ્યું હતું.

## ચિરવિદાય

● મુકિતધામ ●

- સ્વ.ઠાકોર ડાહીબેન બાદરજી ઉ.વ.૬૦, મહુન્દ્રા
- સ્વ.પ્રજાપતિ શકરીબેન લક્ષ્મણભાઈ ઉ.વ.૮૨, સેકટર-૨૯
- સ્વ.જોષી પ્રકાશકુમાર નટવરલાલ ઉ.વ.૬૮, સેકટર-૨
- સ્વ.માંડલીયા મીનાબેન પ્રકાશભાઈ ઉ.વ.૬૨, સેકટર-૨૦
- સ્વ.ચૌહાણ તખાજી મંગાજી ઉ.વ.૫૫, હાલીસા, દહેગામ
- સ્વ.ચૌધરી મેનાબેન રામજીભાઈ ઉ.વ.૯૦, સેકટર-૮
- સ્વ.રબારી રાજીબેન હરજીભાઈ ઉ.વ.૯૦, સેકટર-૨૬
- સ્વ.રાઠોડ શણગારબેન બળવંતજી ઉ.વ.૭૦, વડવાસા
- સ્વ.ચાવડા હંસાબેન હરિભાઈ ઉ.વ.૪૬, પાલજ જુનુ
- સ્વ.દંતાણી શાંતાબેન ફતુભાઈ ઉ.વ.૯૩, વડોદરા
- સ્વ.ત્રિવેદી ઈલાબેન વિનોદચંદ્ર ઉ.વ.૭૧, સેકટર-૮
- સ્વ.ત્રિવેદી બાલચંદ્રભાઈ જીતેન્દ્રભાઈ ઉ.વ.૫૪, સેકટર-૨૨

● રૂદ્રભૂમિ ●

- સ્વ.જાડેજા પ્રવિણકુંવરબા મહીપતસિંહ ઉ.વ.૮૩, સરગાસણ
- સ્વ.પંચોલી ચંદ્રશંકર પ્રેમશંકર ઉ.વ.૯૩, સરગાસણ